પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૪૦, કુલ પાના:૪, તારીખ: ૦૪-૦૬-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 240 PRICE :-RS. 1.50 DATE : 04-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ભારે પવન સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી

## આનંદો: આતુરતાનો અંત, કેરળમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી



કોચ્ચિ,

દેશમાં ચોમાસાનું આગમન થયું છે. ચોમાસું કેરળ પહોંચ્યું હોવાની જાહેરાત હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર, ૩ જૂનને કેરળના દક્ષિણ કિનારે વરસાદ પડી રહ્યો છે. કેરળ પહોંચ્યા બાદ હવે મોનસુન ધીમે-ધીમે પશ્ચિમ, મધ્ય અને ઉત્તર ભારત તરફ આગળ વધશે અને જૂનના અંત સુધી દિલ્હી પહોંચવાની સંભાવના છે.

હવામાન વિભાગે અગાઉ ૩૧ મેના રોજ મોનસુન કેરળ પહોંચવાની આગાહી કરી હતી, પરંતુ કહ્યું હતું કે ૪ દિવસ આગળ પાછળ થઈ શકે છે. ચોમાસાને લઈને હવામાન વિભાગની આગાહી સાચી પડી છે. ગયા વર્ષની વાત કરીએ તો, ૧ જૂને મોનસુન કેરળ પહોંચ્યું હતું. જ્યારે વર્ષ ૨૦૧૯માં ૮ જૂને ચોમાસાનું આગમન થયું હતું.

હવામાન વિભાગ અનુસાર, આ વર્ષે ૯૬-૧૦૪ ટકા વરસાદ પડવાની સંભાવના છે. આ વર્ષે ૪૦ ટકા સંભાવના ૯૬-૧૦૪ ટકા વરસાદની છે. આ સ્થિતિને સામાન્ય વરસાદ કહેવાય છે. ૧૬ સંભાવના ૧૦૪-૧૧૦ ટકા વરસાદની છે, જે સામાન્યથી વધુ વરસાદ મનાય છે. ઉપરાંત ૫ ટકા સંભાવના ૧૧૦ ટકાથી વધુ વરસાદની છે, જે સામાન્યથી વધુ વધારે વરસાદ મનાય છે. એટલે કે કુલ મળીને આ ચોમાસાની સિઝન દરમિયાન ૬૧ ટકા સંભાવના સામાન્ય અથવા સામાન્યથી વધુ વરસાદની છે.

### આ વર્ષે ૧૦૩ ટકા વરસાદનું સ્કાઈમેટનું અનુમાન, જૂનના અંત સુધી મોનસૂન દિલ્હી પહોંચે તેવી સંભાવના

આ પહેલાં ચોમાસાએ આંદામાનમાં ૨૧ મેના રોજ એન્ટ્રી લીધી હતી. ૨૭ મેના રોજ અડધા શ્રીલંકા અને માલદિવ્સને પાર કર્યા પછી મજબૂત હવાની અછતને કારણે ૭ દિવસ સુધી ચોમસાની ઉત્તરી સીમા કોમોરિન સમુદ્રમાં જ રોકાઈ ગઈ હતી, જોકે હવે પરિસ્થિતિ અનુકૂળ છે.

જોકે આ વખતે ચોમાસું ૨ દિવસ મોડું છે. બીજી તરફ, કેરળમાં છેલ્લા ૪ દિવસથી પ્રી-મોન્સૂન વરસાદ ચાલુ છે. એમપીમાં દર વર્ષે ૧૭ જૂન તો ભોપાલમાં ૨૦ જૂનની આસપાસ વરસાદ પહોંચે છે. આ વખતે પણ એ સમયે પહોંચે એવી શકયતા છે. મોસમ વિશેષજ્ઞ એ. કે. શુકલા કહે છે કે જો ચોમાસાનો પ્રોગ્રેસ યથાવત્ રહ્યો તો એ નક્કી સમયે પહોંચી જશે.

હિમાચલના શિમલામાં બુધવાર બપોર પછી આંધી અને ઝડપી પવનની સાથે વરસાદ થયો હતો. મોસમ વિભાગના યલો અલર્ટની વચ્ચે શિમલાની નજીકના ઉપરના વિસ્તારમાં વરસાદની સાથે બરફના કરા પડવાથી સફરજન સહિતનાં ફળોને નુકસાન પહોંચ્યું છે.

મોસમ વિભાગના જણાવ્યા મુજબ, શિમલા સહિત રાજ્યના મધ્યમ ઊંચાઈવાળા પર્વતીય વિસ્તારમાં પાંચ જૂન અને ઉચ્ચ પર્વતીય વિસ્તારોમાં ચાર જૂન સુધી હવામાન ખરાબ રહેશે. જ્યારે મેદાની વિસ્તારોમાં આઠ જૂન સુધી હવામાન સાફ રહેવાનું અનુમાન છે.

## કેન્દ્ર સરકારના SDG રિપોર્ટમાં કેરળ નંબર-૧: ગુજરાત ટોપ-પમાંથી બહાર

ન્યુ દિલ્હી,

ભારત સરકારની થિંક ટૈંક નીતિ આયોગે સતત વિકાસના લક્ષ્યો પર પોતાની ત્રીજી રિપોર્ટ ૨૦૨૦-૨૧ જાહેર કરી છે. Sustainable Development Goals નામની આ રિપોર્ટમાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશની સામાજિક, આર્થિક અને પર્યાવરણીય સ્થિતિ પર પ્રદર્શનનું આકલન કરવામાં આવે છે.

આ વખતના રિપોર્ટમાં કેરળ ટોપ પર રહ્યુ છે, જ્યારે બિહારનું પ્રદર્શન સૌથી ખરાબ રહ્યુ છે. ઝારખંડની સ્થિતિ પણ સારી નથી અને તે બિહારથી ઉપર છે.

નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારે દિલ્હીમાં ગુરૂવારે આ રિપોર્ટ લોન્ચ કરી હતી, તેમણે કહ્યુ કે એસડીજી ઈન્ડિયા ઈન્ડેક્સ અને ડેશબોર્ડના માધ્યમથી એસડીજીની નજર અમારા પ્રયાસને વિશ્વમાં ઓળખ મળી રહી છે અને આ ડેટાનો ઉપયોગ વિકાસના પ્રોજેક્ટ પર કરવામાં આવી રહ્યો છે.

મહત્વપૂર્ણ છે કે નીતિ આયોગની એસડીજી ઈન્ડિયા ઈન્ડેક્સમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ વિસ્તારના સામાજિક, આર્થિક અને પર્યાવરણના ક્ષેત્રમાં તેમની પ્રગતિને માપતા અને આ આધાર પર તેમની રેંકિંગ કરે છે.

આ વખતે આ રિપોર્ટમાં ૧૭ લક્ષ્યો પર ૩૬ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોના પ્રદર્શનનું આકલન કરવામાં આવ્યુ છે. આ રિપોર્ટમાં જો પાંચ ટોપ પરફોર્મર રાજ્યોની વાત કરીએ તો ટોપ ફાઈવની યાદીમાં કેરળ પ્રથમ, બીજા નંબર પર હિમાચલ પ્રદેશ અને તમિલનાડુ, ત્રીજા નંબર પર આંધ્ર પ્રદેશ, ગોવા, કર્ણાટક, ઉત્તરાખંડ, ચોથા નંબર પર સિક્કિમ અને પાંચમા નંબર પર મહારાષ્ટ્ર છે. કેરળ ૨૦૧૯ની રેંકિંગમાં પણ પ્રથમ નંબર પર હતું.

પાંચ પછાત રાજ્યોની વાત કરીએ તો બિહાર સૌથી નીચે છે, તેની ઉપર ઝારખંડ છે અને પછી આસામનો નંબર આવે છે. અરૂણાચલ પ્રદેશ, મેઘાલય, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ પણ પછાત છે. તે બાદ છત્તીસગઢ, નાગાલેન્ડ અને ઓરિસ્સા છે.

ગરીબી ઉન્મૂલન કેસમાં તમિલનાડુ અને દિલ્હીનું પ્રદર્શન સર્વશ્રેષ્ઠ રહ્યુ છે. બીજી તરફ પોતાની જનતાની ભૂખ મિટાવવા મામલે શાનદાર કામ કરતા કેરળ અને ચંદીગઢ ટોપ સ્થાન પર છે. સારા સ્વાસ્થ્ય મામલે ગુજરાત અને દિલ્હીએ સારૂ કામ કર્યુ છે અને ટોપ રહ્યા છે. ગુણવત્તા પૂર્ણ શિક્ષણ આપવામાં કેરળ અને ચંદીગઢનું કામ સર્વોત્તમ રહ્યુ છે. ઉદ્યોગ, આવિષ્કાર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગુજરાત અને દિલ્હી ટોપ પર રહ્યા છે.

જો ૨૦૧૯ના આંકડાની તુલના કરીએ તો મિઝોરમ, હરિયાણા અને ઉત્તરાખંડે આ ઈન્ડેક્સ પર સૌથી સારૂ પ્રદર્શન કર્યુ છે. મહત્વપૂર્ણ છે કે આ રિપોર્ટને માર્ચમાં પ્રદર્શિત કરવામાં આવવાનુ હતુ પરંતુ પાંચ રાજ્યમાં ચૂંટણીની જાહેરાત સાથે ત્યા આદર્શ આચાર સંહિતા લાગુ થઈ ગઈ હતી, માટે આ રિપોર્ટના પ્રકાશનને રોકી દેવામાં આવ્યુ હતું.

એસડીજી ઈન્ડિયા ઈન્ડેક્સ રિપોર્ટનો એક ભાગ દેશના તમામ ૩૬ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને સમર્પિત છે. આ રિપોર્ટનું વિસ્તૃત વિશ્લેષણ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે નીતિઓ બનાવી રહેલી સંસ્થાઓ માટે ઘણો ઉપયોગી સાબિત થશે.

## દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧.૩૪ લાખ નવા પોઝિટિવ કેસ, ૨,૮૯૯ મોત




ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાના નવા કેસનો આંકડો સતત ઘટવાના કારણે એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૭ લાખ પર પહોંચી ગઈ છે. પાછલા ૨૪ કલાકમાં પણ ૧.૩૫ લાખ કરતા ઓછા કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૩૦૦૦ કરતા નીચો રહ્યો છે. ભારતમાં કોરોનાના કેસની સાથે હવે મૃત્યુઆંકમાં પણ મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧,૩૪,૧૫૪ કેસ નોંધાયા છે, જ્યારે ગઈકાલે આ આંકડો ૧,૩૨,૭૮૮ હતો એટલે કે સામાન્ય વધારો નોંધાયો છે. જ્યારે મૃત્યુઆંક ગઈકાલે ૩,૨૦૭ નોંધાયા હતા જેની સામે આજે જાહેર થયેલા આંકડામાં ૨૪ કલાકમાં ૨,૮૮૭ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે.

દેશમાં જાહેર કરાયેલા આજના સવારના આંકડામાં ૨૪ કલાકમાં વધુ ૨,૧૧,૪૯૯ દર્દીઓ સાજા થયા છે, જેની સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૨,૬૩,૯૦,૫૮૪ થઈ ગઈ છે. નવા કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા વધવાના કારણે એક્ટિવ કેસમાં મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે. હાલ દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૭,૧૩,૪૧૩ પર પહોંચી ગઈ છે.

ભારતમાં વધુ ૧.૩૪ લાખ કેસ સાથે કુલ કેસની સંખ્યા વધીને ૨,૮૪,૪૧,૯૮૬ થઈ ગઈ છે. કુલ મૃત્યુઆંક ૩,૩૭,૯૮૯ થઈ ગયા છે. ભારતમાં કોરોનાના મૃત્યુઆંકમાં ધીમો ઘટાડો નોંધાઈ રહ્યો છે પરંતુ હવે બીજી લહેરના પીક દરમિયાન જે પ્રમાણે આંકડો ૪૦૦૦ની નજીક/પાર પહોંચી જતો હતો તેમાં ઘટાડો નોંધાયો છે.

દેશમાં ૧૬ જાન્યુઆરીએ રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં ૧ મેથી ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરિકોને રસી આપવાની મંજૂરી અપાઈ છે. આજ સવારના આંકડા પ્રમાણે મંગળવાર સુધીમાં દેશમાં કોરોનાની રસીના કુલ ૨૨,૧૦,૪૩,૬૯૩ ડોઝ આપવામાં આવ્યા છે.

આઈસીએમઆર મુજબ દેશમાં કોરોના ટેસ્ટ માટે કુલ ૩૫,૩૭,૮૨,૬૪૮ સેમ્પલ લેવામાં આવ્યા છે, જેમાં બુધવારે વધુ ૨૧,૫૯,૮૭૩ સેમ્પલ લેવામાં આવ્યા હતા. ટેસ્ટિંગની સંખ્યામાં વધારો થતા કોરોનાના ફેલાવા પર અંકુશ મેળવી શકાયો હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો.

## સુરતમાં સતત પાંચમા દિવસે ફાયર સેફ્ટી વગરની ૧૦૨ દુકાનો સીલ કરાઈ



સુરત,

સુરત ફાયર વિભાગ દ્વારા છેલ્લા બે અઠવાડિયાથી હોસ્પિટલોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નોટિસ બાદ પણ ફાય સેફ્ટી ઉભી ન કરતા ફાયર વિભાગે ૧ હોસ્પિટલ, ૨ સ્કૂલ અને ટેક્સટાઈલ માર્કેટની ૧૦૨ દુકાનો સામે કાર્યવાહી હાથ ધરી હતી. ફાયર સેફ્ટીના અભાવ ધરાવતી મિલકતો સીલ કરાતા હોસ્પિટલ, સ્કૂલ અને દુકાનના સંચાલકો અને તબીબો દોડતાં થયા છે. દર્દીઓને હાલાકી નહીં પડે માટે ઈમરજન્સી વિભાગ શરૂ રખાયો છે પરંતુ વધુ નવા દર્દીઓને દાખલ નહીં કરવા સૂચના અપાઈ છે. મહાનગરોમાં હોસ્પિટલો અને બિલ્ડિંગોમાં ફાયર સેફ્ટીના મુદ્દે હાઈકોર્ટે લાલ આંખ કરી હતી. હાઈકોર્ટ સમક્ષ સુરત સહિત તમામ મહાનગરપાલિકાઓએ રિપોર્ટ રજૂ કરવાનો છે ત્યારે છેલ્લા છ મહિનામાં આ હોસ્પિટલોને ત્રણ-ત્રણ વખત નોટિસ આપવામાં આવી હતી છતાં ફાયર સેફ્ટીનો અભાવ હોવાથી મધરાતે પણ આ કાર્યવાહી ચાલુ રાખી હતી. જે ૬ હોસ્પિટલોને સીલ કરવામાં આવી છે તેમાં મોટા ભાગની હોસ્પિટલોમાં દર્દી દાખલ હતા. જેથી દર્દીઓના વોર્ડને બાદ કરતા ખાલી તમામ વોર્ડ, રિસેપ્શન, તબીબોની ચેમ્બર સહિત ઓફિસો સીલ કરી દીધી હતી. છેલ્લા એક મહિનામાં ફાયર વિભાગે ૪૦ હોસ્પિટલોમાં મોકડ્રીલ હાથ ધરી હતી અને ખામી જણાતા નોટિસ ફટકારી હતી. આ ઉપરાંત ફાયર વિભાગે કોર્મિશિયલ કોમ્પ્લેક્ષોને સીલ કરવાની પણ કાર્યવાહી કરી હતી.

## TET સર્ટિફિકેટની માન્યતા ૭ વર્ષની જગ્યાએ આજીવન કરાઈ



ન્યુ દિલ્હી,

શિક્ષક બનવા માંગતા યુવાનો માટે એક મોટો સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકારે TET માટેની માન્યતાની ઉંમર સાત વર્ષને બદલે આજીવન કરી દીધી છે. શિક્ષણ મંત્રાલયે આજે આ આદેશ જારી કર્યો છે. આ ઓર્ડર ૨૦૧૧ થી આ પરીક્ષામાં પાસ થયેલા તમામ ઉમેદવારોને લાગુ પડશે.

આપને જણાવી દઈએ કે, TET એ વ્યક્તિ માટે શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂક માટે પાત્ર બનવા માટેની આવશ્યક લાયકાતોમાં એક ગણાય છે. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન શ્રી રમેશ પોખરીયાલ 'નિશંક' એ જાહેરાત કરી છે કે, વર્ષ ૨૦૧૧ થી TET ની આજીવન માન્યતા લાગુ થશે. એટલે કે, જે ઉમેદવારોએ ૨૦૧૧ માં્ઈ્ પાસ કર્યું છે, તેમના TET પ્રમાણપત્રો પણ આજીવન માન્ય રહેશે. પોખરીયાલે કહ્યું કે, શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા ઉમેદવારોને રોજગારની તકો વધારવાની દિશામાં આ એક સકારાત્મક પગલું હશે. શિક્ષણમંત્રીએ કહ્યું કે, ઉમેદવારો અથવા વિદ્યાર્થીઓ કે જેના પ્રમાણપત્રને સાત વર્ષ પૂર્ણ થયા છે, આ સંદર્ભે સંબંધિત રાજ્ય સરકાર અથવા કેન્દ્ર શાસિત પ્રશાસન, TET ની માન્યતા અવધિમાં ફેરફાર કરવા અથવા નવું TET પ્રમાણપત્ર જારી કરવા જરૂરી પગલાં લેશે. તેમણે કહ્યું હતું કે આ પગલાથી ઉમેદવાર જેઓ શિક્ષણ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવા ઈચ્છે છે તેમને રોજગારની તકોમાં વધારો થશે.

૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ નાં રાષ્ટ્રીય શિક્ષક પરિષદ (એનસીટીઇ) ની માર્ગદર્શિકામાં જણાવાયું છે કે રાજ્ય સરકાર TET નું સંચાલન કરશે અને TET લાયકાત પ્રમાણપત્રની માન્યતાનો સમયગાળો પરીક્ષા પાસ થવાની તારીખથી સાત વર્ષનો રહેશે.

## મેહુલ ચોક્સીને વધુ એક ઝાટકો, ડોમિનિકામાં જામીન અરજી રદ



ન્યુ દિલ્હી,

પંજાબ નેશન બેંકમાં કથિત રીતે ૧૩,૫૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી મામલે ભારતમાં વોન્ટેડ હીરા વેપારી મેહુલ ચોકસી તરફથી દાખલ હેબિયસ કૉર્પસ મામલે બુધવારના ડોમિનિકા હાઈકોર્ટમાં સુનાવણી કરવામાં આવશે. આ પહેલા ડોમિનિકાની એક મેજિસ્ટ્રેટ અદાલતે ચોકસીના દેશમાં ગેરકાયદેસર પ્રવેશના મામલે તેની જામીન અરજી ફગાવી દીધી છે, જેના પર ચોકસીના વકીલ વિજય અગ્રવાલે કહ્યું કે, તેઓ હાઈકોર્ટ જશે.

ઉલ્લેખનીય છે કે મંગળવારના જસ્ટિસ બર્ની સ્ટીફન્સે અરજીની સુનાવણીના લગભગ ૩ કલાક બાદ એક મેજિસ્ટ્રેટની સામે હાજર કરવાનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ કેસની સુનાવણી ૩ જૂન માટે ટાળી દેવામાં આવી હતી. મેહુલની અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચોકસીનું પાડોશી દેશ એન્ટિગા અને બર્મુડાથી અપહરણ કરી લેવામાં આવ્યું હતુ અને બળજબરીપૂર્વક ડોમિનિકા લાવવામાં આવ્યો હતો.

૨૩ મેના એન્ટિગુઆ અને બર્મુડાથી રહસ્યમય રીતે ગુમ થનારો ચોકસી અહીં વર્ષ ૨૦૧૮થી નાગરિક તરીકે રહેતો હતો. પોતાની કથિત પ્રેમિકા સાથે મેહુલ ડોમિનિકામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા માટે કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. બીજી તરફ ચોકસીની પત્ની પ્રીતિએ કહ્યું કે, જે મહિલા સાથે પૂછપરછ કરવામાં આવી રહી છે તે તેની પ્રેમિકા નથી. તેમણે કહ્યું કે, મહિલા તેને ઓળખતી હતી અને સાથે ફરવા જતી હતી. પ્રીતિએ કહ્યું કે, જ્યારે ચોકસી મહિલાને મળવા ગયા હતા ત્યારે ભારતીય અને એન્ટિગન જેવા દેખાતા લોકોએ તેનું અપહરણ કરી લીધું હતુ.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મોહનીયા કરણસીંગ સબુરભાઈ
મુ. બીલીયા, તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીયા નગરસીંગ વાલાભાઈ
મુ. કાંટુ, તા. ધાનપુર

# મહીસાગરમાં આજે ૧૨ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૭૪૩૩ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની- ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૩-૦૬-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૭૪૩૩ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની-૦૫ સ્ત્રી, ૦૫ પુરૂષ, કડાણા તાલુકાની-૦૪ સ્ત્રી, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની-૦૮ સ્ત્રી, ૦૭ પુરૂષ, સંતરામપુર તાલુકાની-૦૧ સ્ત્રી, ૦૬ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૧ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૧૬૫ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૫૧૮૧૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૩ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૫૮ દર્દી હોમઆઈસોલેશનમાં, ૧૧ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૧૮ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૧૦૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૬૫ દર્દીઓ સ્ટેબલ, ૨૮ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

### મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા

ખાનપુર-૦૨
લુણાવાડા-૦૩
સંતરામપુર-૦૬
વિરપુર-૦૧

# મહીસાગર જિલ્લામાં તૌકતે વાવઝોડાથી ક્ષતિગ્રસ્ત ૮૬ મકાનોને રૂા.૨૨.૨૦ લાખની સહાય ચુકવાઈ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં તાઉતે વાવાઝોડાથી થયેલી નુકસાનીનો વાયુવેગે જિલ્લા વહીવટી તંત્રએ સર્વે કર્યા પછી લાભાર્થી અસરગ્રસ્તોને યુધ્ધના ધોરણે સહાય આપવામાં આવી છે. સર્વેની તમામ કામગીરી પુર્ણ કરીને ૮૬ અસરગ્રસ્ત લાભાર્થીઓને વાવાઝોડાની નુકસાની અંગે રૂા.૨૨.૨૦ લાખની સહાય રાજય સરકારના સંવેદનશીલ અભિગમના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ સંવેદનશીલ કામગીરી કરી અસરગ્રસ્તોને તેમને મળવાપાત્ર સહાય તેમના ઘરઆંગણા સુધી પહોંચાડી તેઓના બેંક ખાતામાં જમા કરાવવામાં આવી છે.

મહીસાગર જિલ્લામાં ૧૮ મે ૨૦૨૧ ના રોજ તૌકતે વાવાઝોડાની અસર ને કારણે રાત્રિના પવનની તિવ્રતા વધી અને ૬૫ થી ૭૦ કિલોમીટર પ્રતિ પર પહોંચી અને વરસાદ શરૂ થયો હતો. જેમાં મકાનો આંશિક તથા સંપુર્ણ નુકસાની તેમજ ઝારા ગામે દિવાલ પડતાં એક બળદનું મરણ થયુ હોવાનો રીપોર્ટ કરવામાં આવ્યો હતો. મહીસાગર જિલ્લા તંત્ર દ્વારા નુકશાન થયેલ મકાનોના સર્વે અંગેની કામગીરી પુર્ણ થયા બાદ ૮૬ (૮૫ અંશતઃ નુકસાન + ૧ સંપુર્ણ નુકશાન) કેસ મંજુર કરવામાં આવેલ છે.અને સહાયની રકમ કાચા મકાનના અંશતઃ નુકશાનમાં રૂ.૨૫,૦૦૦/- લેખે તથા કાચા મકાનના સંપૂર્ણ નુકશાનમાં રૂ.૯૫,૧૦૦/- સહાય આપવામાં આવેલ છે. પશુ મરણનો ૧ બનાવ નોંધાયેલ જેમાં રૂ.૨૫,૦૦૦/-ની સહાય તેઓના ખાતામાં ડી.બી.ટી મારફતે જમા કરાવવામાં આવેલ છે.

લુણાવાડા તાલુકાના ભમરા ગામના મહેશભાઈ બારીયા જણાવે છે કે, તૌક્તે વાવાઝોડામાં મારા મકાનની દિવાલ પડી ગઈ હતી. અમારો પરીવાર મુશ્કેલીમાં આવી ગયો હતો. ગામના તલાટી અને અધિકારીઓ દ્વારા સર્વે કર્યા બાદ ખુબજ ઝડપથી મારા ખાતામાં સરકાર દ્વારા સહાયના ૨૫ હજાર રૂપિયા બેંક ખાતામાં જમા થયા છે. મારા ઘરની તુટી ગયેલી દિવાલનું સમારકામ શરૂ કરી દિધુ છે. સરકારનો આ મુશ્કેલ ઘડીમાં મારી પડખે ઉભા રહી મને મદદ કરવા બદલ ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂ છું.

ભમરા ગામના ગલાભાઈ બારીયાનું કાચુ મકાન ક્ષતિગ્રસ્ત થતા સરકારે સહાય આપતા હવે તેઓ ઝડપથી પોતાનું મકાન ફરી થી ઉભું કરી દેવાની નેમ વ્યક્ત કરી હતી. તેમના પરીવારે સંકટ સમયે સરકારએ કરેલ મદદ અંગે આભાર વ્યક્ત કર્યો હતો.

સંતરામપુર તાલુકામાં ૪ અસરગ્રસ્ત લાભાર્થીઓને અંશતઃ મકાન નુકશાન સહાય પેટે પ્રતિ લાભાર્થી રૂા.૨૫૦૦૦ લેખે મળી કુલ રૂા.એક લાખ, કડાણા તાલુકામાં ૦૪ લાભાર્થીઓને પ્રતિ લાભાર્થી રૂા.૨૫૦૦૦ લેખે મળી કુલ રૂા.એક લાખ, બાલાસિનોર તાલુકામાં ૦૩ અસરગ્રસ્ત લાભાર્થીઓને અંશતઃ મકાન નુકશાન સહાય પેટે પ્રતિ લાભાર્થી રૂા.૨૫૦૦૦ લેખે મળી કુલ રૂા.૭૫૦૦૦/- અને ૦૧ મકાનને સંપૂર્ણ નુકસાન સહાય પટે રૂા.૯૫૧૦૦/- મળી કુલ રૂા.૧,૭૦,૧૦૦/-, વિરપુર તાલુકામાં ૧૨ અસરગ્રસ્ત લાભાર્થીઓને અંશતઃમકાન નુકશાન સહાય પટે પ્રતિ લાભાર્થી રૂા.૨૫૦૦૦ લેખે મળી કુલ રૂા. ત્રણ લાખ, લુણાવાડા તાલુકામાં ૨૫ અસરગ્રસ્ત લાભાર્થીઓને અંશતઃ મકાન નુકશાન સહાય પેટે પ્રતિ લાભાર્થી રૂા.૨૫૦૦૦ લેખે મળી કુલ રૂપિયા ૬.૨૫ લાખ અને એક બળદ પશુ મરણ પેટે રૂા.૨૫૦૦૦/- કુલ મળી રૂા.૬.૫૦ લાખ અને ખાનપુર તાલુકામાં ૨૦ અસરગ્રસ્ત લાભાર્થીઓ અંશતઃ મકાન નુકસાન સહાય પટે પ્રતિ લાભાર્થી રૂા.૨૫૦૦૦ લેખે મળી કુલ રૂા.૫ લાખ લાભાર્થીઓને ડીબીટી દ્વારા તેઓના તેઓના ખાતામાં ચૂકવવામાં આવ્યા. આમ મહિસાગર જિલ્લામાં એક સંપૂર્ણ નુકશાન અને ૮૫ અંશતઃ મકાન નુકશાન તેમજ એક પશુ મરણ મળી કુલ રૂા.૨૨,૪૫,૧૦૦/- ની સહાય ડીબીટી મારફતે અસરગ્રસ્ત લાભાર્થીઓના ખાતામાં ચુકવવામાં આવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૦૪-૦૬-૨૦૨૧, શુક્રવાર, વૈશાખ વદ-૧૦, સૂર્યોદય-૫-૨૩, સૂર્યાસ્ત-૭-૧૫, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.), નક્ષત્રઃ ઉત્તરભાદ્રપદ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભચોઘડીયા-<br>અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## દૈનિક રાશીફળ

**તા.૦૪.૦૬.૨૦૨૧ શુક્રવાર**

મેષ (અ.લ.ઈ.):- તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે.

વૃષભ(બ.વ.ઉ.):- તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

કર્ક(ડ.હ.):- મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ.

સિંહ(મ.ટ.):- તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.

કન્યા(પ.ઠ.ણ.):- મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

તુલા(ર.ત.):- બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે.

વૃશ્ચિક(ન.ય.):- જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

મકર(ખ.જ.):- ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે.

કુંભ(ગ.શ.સ.):- આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે.

મીન(દ.ચ.ઝ.):- તબિયતના મોરચે [redacted]ની જરૂર છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉ[redacted]આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર [redacted]લા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન [redacted]કે છે.

# દાહોદ જીલ્લામાં બે અકસ્માત બનાવમાં બેના મોત

દાહોદ, દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે માર્ગ અકસ્માતના સર્જાયેલ બે બનાવોમાં બે જણાના મોત નીપજ્યાનું જ્યારે અન્યને શરીરે ઈજાઓ પહોંચતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના બાંડીબાર ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૩૦મી મેના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે રોંગ સાઈડે હંકારી લાવી પોતાની મોટરસાઈકલ સ્લીપ ખવડાવી દેતાં સીંગવડ તાલુકાના દામણબારી ગામે નિશાળ ફળિયામાં રહેતાં ૧૮ વર્ષીય સુરેન્દ્રભાઈ બળવંતાઈ પટેલને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્યને શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે દામણબારી ગામે નિશાળ ફળિયામાં રહેતાં બળવંતભાઈ પ્રતાપભાઈ પટેલે આ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ધાનપુર તાલુકાના કુંદાવાડા ગામે બનવા પામ્યો હતો. જેમાં કુંદાવાડા ગામે ઝરી ફળિયામાં રહેતાં ૩૨ વર્ષીય વિક્રમભાઈ મોહનભાઈ સુવાણ ગત તા.૨૯મી મેના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ કુંદાવાડા ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે મોટરસાઈકલ હંકારી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન મોટરસાઈકલ પરનો સ્ટેરીંગ પરનો કાબુ અચાનક ગુમાવી દેતાં વિક્રમભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાયાં હતાં અને મોટરસાઈકલ સ્લીપ ખાઈ જતાં વિક્રમભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે કુંદાવાડા ગામે ઝરી ફળિયામાં રહેતાં મોહનભાઈ પ્રતાપભાઈ સુવાણે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના ગલાલીયાવાડમાં સાળી-બનેવીના આડા સંબધો હોવાના પોસ્ટર વિસ્તારમાં લગાવતા ફરિયાદ

ગલાલીયાવાડ, દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામે સાળી – બનેવી વચ્ચે આડા સંબંધો હોવાના બે વ્યક્તિઓ દ્વારા પોસ્ટરો તૈયાર કરી વિસ્તારમાં લગાવી દઈ આડા સંબંધો વિશેના મેસેજો મોબાઈલ ફોન પર મોકલ્યાં બાદ સાળીની નણંદને ખોટા આક્ષેપો કરી ચાર જેટલા ઈસમોએ એક ફોર વ્હીલર ગાડીમાં સવાર થઈ ઘરે આવ્યાં હતાં અને સાળીના પતિનો કોલર પકડી માર મારી ભારે ધિંગાણું મચાવી મારી નાંખવાની ધમકી આપી ચારે જણા નાસી જતાં આ સંબંધે સાળી દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવ્યાંનું જાણવા મળે છે.

ગલાલીયાવાડ ગામે મકવાણા ફળિયામાં રહેતાં સારાબેન જવસીંગભાઈ મકવાણા અને પ્રકાશભાઈ જવસીંગભાઈ મકવાણાએ આજથી બે વર્ષ પહેલાં પોતાના જ ફળિયામાં રહેતી રીટાબેન અમીતભાઈ મકવાણા અને તેમના બનેવી વિશે બંન્ને વચ્ચે આડા સંબંધો હોવાના પોસ્ટરો તૈયાર કરાવી જાહેર રસ્તા પર ઈલેક્ટ્રીક થાંભલા પર આ પોસ્ટરો લગાવ્યાં હતાં અને ગત તા.૧૧.૦૫.૨૦૨૧ના રોજ સાળી – બનેવીના મોબાઈલ ફોન પર પ્રકાશભાઈએ બંન્ને વચ્ચેના આડા સંબંધો વિશે મેસેજો મોકલ્યાં હતાં. આ બાદ પંકજભાઈ જવસીંગભાઈ મકવાણાએ રીટાબેનની નણંદને ખોતા આક્ષેપો કરી ફોન ઉપર ઝઘડો તકરાર કર્યો હતો અને બાદમાં ગઈકાલ એટલે કે, તારીખ ૦૧.૦૬.૨૦૨૧ના રોજ સાંજના સાડા પાંચેક વાગ્યાના સુમારે રીટાબેનને ઘરે સારાબેન જવસીંગભાઈ મકવાણા, પ્રકાશભાઈ જવસીંગભાઈ મકવાણા, પંકજભાઈ જવસીંગભાઈ મકવાણા અને પ્રગ્નેશભાઈ ઉર્ફે ભોલુભાઈ મકવાણાનાઓએ ફોર વ્હીલર ગાડીમાં સવાર થઈ આવ્યાં હતાં અને રીટાબેનના પતિ અમીતભાઈનો કોલર પકડી તેઓને ગડદાપાટ્ટુનો માર માર્યો હતો અને શરીરે ઈજાઓ પહોંચાડી હતી. બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તને આજે નહીં તો કાલે છોડીશું નહીં, તેવી ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવી ચારેય જણા નાસી જતાં આ સંબંધે રીટાબેન અમીતભાઈ મકવાણાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંતરામપુર ST બસ સ્ટેશનનું અધુરી કામગીરી વચ્ચે આજે ઉદ્દઘાટન કરવાની તૈયારી થી લોકોમાં આશ્ચર્ય


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં એસટી બસ સ્ટેશનનો ઉદઘાટન કરવામાં આવશે, પરંતુ મુસાફરો માટે પાર્કિંગની સુવિધા નથી અને કર્મચારીઓ માટે ટેબલની વ્યવસ્થા નથી. સંતરામપુર નગરમાં શુક્રવારના રોજ નવું બનાવવામાં આવેલું એસટી બસ સ્ટેશનનું ઉદઘાટન કરવામાં આવશે. અધિકારીઓ પદાધિકારી તમામ હાજર રહેશે, પરંતુ બસ સ્ટેશનની કામગીરીમાં પૂર્ણ થઈ હતી.આગળનો મુખ્ય દ્વાર અધુરો મૂકવામાંઆવેલો છે. દબાણ અને એમ.જી.વી.સી.એલ દ્વારા ઈલેક્ટ્રીક ટ્રાન્સપોર્ટેશન હટાવવા આવેલ નથી. એસ.ટી.બસ સ્ટેશનમાં કર્મચારીઓ ડેપો મેનેજર કંટ્રોલ પોઈન્ટ તમામને બેસવા માટે આ પ્રકારની સુવિધા રાખવામાં આવેલ નથી. ટેબલ ખુરશી પણ વ્યવસ્થા કરવામાં આવેલ નથી. દરેક ઓફિસ ખાલી જોવાઈ રહી છે. પાર્કિંગ વ્યવસ્થા પણ કરવામાં આવેલ નથી. સંતરામપુર નગરમાં વર્ષો પછી બસ સ્ટેશન બનતા એમાં પણ અધૂરી સુવિધા ન હોવાના કારણે નાગરિકો અને મુસાફરોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ઉદ્દઘાટન કર્યા પછી એસ.ટી. ડેપોના સ્ટાફ કર્મચારી કલાર્ક ડેપો મેનેજર કઈ બેસે તે સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે. ખુરશી ટેબલ અન્ય ફર્નીચર પણ કોઈપણ પ્રકારની સુવિધા પૂરી પાડવામાં આવેલ નથી. ત્યારે બીજી બાજુ ઉદ્દઘાટન સમયે પડદાનું કાપડ મારીને પાછળના ભાગમાં પુરાણ કઈ જગ્યા અને અધૂરી કામગીરીથી ઢાંકી દેવામાં આવેલી છે.

# દાહોદમાં કોરોનાની ત્રીજી લહેરમાં આઠ હજાર સગર્ભા મહિલાઓની વિશેષ સંભાળ રખાશે


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ જિલ્લામાં કોરોના વાયરસની ત્રીજી લહેરનો સામનો કરવા માટે વહીવટી તંત્ર સજ્જ થઈ રહ્યું છે ત્યારે, બીજી બાજુ આરોગ્ય વિભાગ દ્વારા આગામી ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમાં સંભવિત પ્રસુતીની શક્યતા ધરાવતી ૮ હજાર જેટલી સગર્ભા મહિલાઓના આરોગ્ય વિશેષ તકેદારી રાખવાનું નિયત કરવામાં આવ્યું છે.

કોરોના વાયરસની પ્રથમ અને બીજી લહેરના અનુભવો પરથી એવું તારણ નીકળ્યું છે કે, પ્રથમ લહેરમાં ૬૦ વર્ષથી ઉંમરના લોકો વધુ પ્રમાણમાં સંક્રમિત થયા હતા. પ્રથમ લહેરમાં આ વયજૂથના કોમોરબિડી ધરાવતા લોકોના મૃત્યું અન્ય કરતા વિશેષ થયા હતા. એ જ પ્રમાણે બીજી લહેરમાં યુવાનોમાં સંક્રમણનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. એટલે, કોરોના વાયરસનો ટ્રેન્ડ એજ ગ્રુપ શિફ્ટ કરતો રહ્યો છે. એમ કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું છે.

સગર્ભા મહિલાઓની નોંધણી સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કરવામાં આવે છે અને આવી મહિલાઓને મમતા કાર્ડ આપવામાં આવે છે. આશા વર્કર દ્વારા આવી મહિલાઓના આરોગ્યની સંભાળ રાખવામાં આવે છે. દાહોદમાં આગામી ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમાં કુલ ૮ હજાર જેટલી મહિલાઓની એક્સપેક્ટેડ ડેટ ઓફ ડિલિવરી છે. સરળ શબ્દોમાં વાત કરીએ તો આ માસમાં કોરોના વાયરસની ત્રીજી લહેરની શક્યતાને ધ્યાને રાખીને આ મહિલા અને તેના બાળકોને સંક્રમણ લાગવાની શક્યતા વધુ રહી છે.

આ બાબતને ધ્યાને રાખીને આશા વર્કર અને આંગણવાડી કાર્યકર દ્વારા આવી મહિલાઓની વિશેષ સંભાળ લેવામાં આવે તેવી સૂચના આપવામાં આવી છે. સગર્ભા મહિલાઓને સંક્રમણથી કેવી રીતે બચી શકાય એ બાબતની સ્પષ્ટ સમજણ આપવાની સાથે તેને પૂરક પોષણ પણ આંગણવાડી કાર્યકર મારફત આપવામાં આવી રહ્યું છે.

દાહોદ નગર સ્થિત ઝાયડ્સ મેડિકલ કોલેજ તથા સિવિલ હોસ્પિટલમાં સગર્ભા મહિલાઓ માટે અલાયદી વ્યવસ્થાનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. નવજાત શિશુને કોરોના થાય એવા કિસ્સામાં માતાને પણ તેમની સાથે રાખવાની બાબત પણ વિચારવામાં આવી રહી છે.

સમગ્ર દાહોદમાં પ્રતિ વર્ષ ૬૦ હજાર જેટલી પ્રસુતી થાય છે. એ પૈકી ૧૫ ટકા સુધીના કિસ્સામાં સિઝેરિયન કરવું પડે છે. આ ઉપરાંત માત્ર એકાદ ટકા જેટલી ડિલિવરી ઘરે થાય છે. આ બધા પરિબળોને ધ્યાને રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોના વાયરસની ત્રીજી લહેરની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# ફતેપુરા તાલુકામાં ખેડૂતોના નામે સાધન સામગ્રીમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરાયો હોવાની આશંકા

ફતેપુરા, ફતેપુરા તાલુકામાં ખેતીવાડી વિભાગના અધિકારીઓની મિલીભગતથી ખેડૂતો માટે વિવિધ યોજનામાં આપવામાં આવતી ગ્રાન્ટ માં સાધનસામગ્રી ખરીદીના બિલ મૂકીને વિવિધ એજનસી દ્વારા ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. વિજિલન્સ ટીમ દ્વારા તપાસ કરાય તો અનેક કૌભાંડોનો પર્દાફાશ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. ફતેપુરા તાલુકામાં દર વર્ષે વનબંધુ કલ્યાણ યોજના જિલ્લા આયોજન વિકાસશીલ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના વિકાસ લક્ષી સાધનસામગ્રી ઓજાર ખરીદી તાડપત્રી, ડીઝલ પંપ તેમજ વિધવા મહિલાઓ માટે માંડવા પદ્ધતિથી બિયારણ કીટ જેવી ફાળવણી કરવામાં આવે છે. પરંતુ ખેડૂતોને સરકારી યોજનાઓથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. ખેતી અધિકારી ગ્રામસેવક તાલુકા વિકાસ અધિકારીની મિલીભગતથી કેટલીક એજન્સીઓ વાળા ખોટા લાભાર્થીઓની યાદી મૂકીને બિલ મૂકીને સરકારી ગ્રાન્ટનો દુરઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બજારમાં મળતી વસ્તુઓની કિંમત કરતા બે ગણી કિંમતના બિલો મુકવામાં આવી રહ્યા છે. જેમાં સરકારી નાણાંનો નુકસાન થઈ રહ્યું છે જ્યારે ખેડૂતોને સરકારની યોજનાઓથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. આ બાબતે તપાસ માટે રાજ્ય ખેતીવાડી કમિશનર ગાંધીનગરને રજૂઆત કરાઈ હતી.

# તા.૦૪ જુન-૨૦૨૧ રોજ વરસાદ થવાની સંભાવનાને લઈ ખેડૂત મિત્ર જોગ સંદેશ

લુણાવાડા, ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અને મોસમ વિભાગના જણાવ્યા અનુસાર આગામી તા.૦૪ જુન-૨૦૨૧ રોજ વરસાદ થવાની સંભાવના છે.જેની અસર સમગ્ર રાજ્યમાં થઇ શકે છે. તેના કારણે પવન ફુંકાવાની તેમજ ભારેથી અતિભારે વરસાદ થવાની ખેતી પાકોને નુકસાન થવાની સંભાવના રહે છે. ખેતરમાં કાપણી કરેલ જણસી અથવા ઘાસચારો ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. પશુઓને સલામત સ્થળે લઈ જવા ખાસ જણાવવામાં આવે છે.

આ અંગે વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી મહીસાગરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## સુખસર ગામમાં ત્રણ માસ અગાઉ બનાવેલ

# RCC રસ્તાની હાલત બદતર : રાહદારીઓ તથા વાહન ચાલકો પરેશાન

સુખસર,

પ્રજાની મુશ્કેલી દૂર કરવા માટે સરકાર દ્વારા એટલે કે પ્રજાનાં નાણાંથી વિવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવે છે. જે પૈકી કેટલીક કામગીરી માત્ર પ્રજાના નાણાનો ભવિષ્યમાં નિર્માણ પામનાર પરિસ્થિતિને અવગણી વેડફાટ કરવા માટે જ વેઠ ઉતાર કામગીરી કરવામાં આવતી હોય તેવું જોવા મળે છે અને તેવી જ કામગીરી સુખસર બસ સ્ટેશન વિસ્તારથી લઈ ગ્રામ પંચાયત સુધી ત્રણ માસ અગાઉ બનાવાયેલા આર.સી.સી રસ્તાની હાલત તેની ગવાહી પુરે છે.



પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર ખાતે સુખસર ગામમાં પ્રવેશ દ્વાર પાસે બસ સ્ટેશનથી લઈ મહાદેવજી મંદિર, મેનબજાર થઈ ગ્રામ પંચાયત સુધી ગત ત્રણ માસ અગાઉ આર.સી.સી રસ્તાની લાખો રૂપિયાના ખર્ચે કામગીરી કરવામાં આવેલ છે. પરંતુ બજાર વિસ્તારમાં ઘર વપરાશના તથા વરસાદી પાણીના નિકાલ માટે જે ગટરલાઈન હોવી જોઈએ તેની અવગણના કરી રસ્તાની કામગીરી કરી દેવામાં આવી છે. જેના લીધે ઉપલી બજાર થી સ્ટેશન વિસ્તાર બાજુ આવતા ગ્રામજનોના વપરાશના તથા વરસાદી પાણીનો ભરાવો મહાદેવજી મંદિરથી લઈ સ્ટેશન વિસ્તારમાં હાલથી જ પાણીનો ભરાવો થતા રાહદારીઓ તથા વાહનચાલકો સહિત સ્થાનિક દુકાનદારો ત્રાહિમામ પોકારી રહ્યા છે. જ્યારે હાલથીજ આ પરિસ્થિતિ હોય તો આવનારા ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો આ જગ્યાએ ભરાવો થવાના કારણે રોગચાળો ફાટી નીકળે તેવા પણ સંજોગો નિર્માણ થવાના એંધાણ જણાઈ રહ્યા છે. ત્યારે મહાદેવજી મંદિર પાસે પાણીના થતા ભરાવાનો નિકાલ કરવા માટે તાત્કાલિક ગટર લાઈન બનાવી ખૂબ જ આવશ્યક છે.

### સુખસરમાં ત્રણ માસ અગાઉ બનાવાયેલ રસ્તાની રિપેરિંગ કામગીરી કરી ગટર લાઈન માટે ગ્રામજનોએ રજૂઆત કરી

નોંધનીય બાબત છે કે,હાલ વરસાદી પાણીનો માહોલ નથી.તેમ છતાં સુખસર ગામના પ્રવેશ દ્વારથી લઈ મહાદેવજી મંદિર સુધી પિંડી સમાણા પાણી ભરાઈ રહેતા વાહનચાલકો, રાહદારીઓ સહીત સ્થાનિક દુકાનદારો ત્રાહીમામ પોકારી રહ્યા છે. ત્યારે આવનાર ચોમાસામાં પાણીના ભરાવાની વિકટ પરિસ્થિતિ સર્જાય તેમ હોય તાત્કાલિક ધ્યાન આપી ત્રણ માસ અગાઉ આશિષ થયેલ રસ્તાને રીપેરીંગ કરી પાણીના થતા ભરાવાના નિકાલ માટે વ્યવસ્થા કરવામાં આવે તેવી ગ્રામજનોએ નાયબ કાર્યપાલક ઈજનેર ઝાલોદ સમક્ષ રસ્તાની રીપેરીંગ કામગીરી કરવામાં આવે તથા ગટર લાઈનની કામગીરી વહેલી તકે કરવામાં આવે તે બાબતે ગ્રામજનોએ લેખિત રજૂઆત કરી હોવાનું જાણવા મળે છે.

### RCC રસ્તાની કામગીરીમાં ભ્રષ્ટાચાર આચરાયો હોવાની ગ્રામજનોમાં ચર્ચા

વધુમાં ગ્રામજનો દ્વારા સાંભળવા મળતી ચર્ચા મુજબ જે આ નવીન આરસીસી રસ્તો બનાવવામાં આવેલ છે. તેની નિયમ મુજબ કામગીરી કરવામાં આવેલ નથી. જેમાં રસ્તાની બંને સાઈડમાં પેવર બ્લોક લગાવવાના હતા. તે કામગીરી કરવામાં આવી નથી. તેમજ ગટર લાઈન માટે જગ્યા છોડવાની હતી તે પણ છોડવામાં નહીં આવી હોવાનું સાંભળવા મળે છે.જોકે ટેન્ડરના નિયમ મુજબ રસ્તાની પહોળાઈમાં પણ ખાઈકી થઈ હોવાની ચર્ચા પણ અગ્રસ્થાને જોવા મળે છે. તેમજ થતી ચર્ચા મુજબ નિયમ મુજબ રસ્તાની કામગીરી થઈ હોય તો પેવર બ્લોક ક્યાં ગયા?અને જો નિયમ મુજબ રસ્તાની કામગીરીમા સ્થાનિકોએ દબાણ કરેલ હોય અને નિયમ મુજબ કામગીરી ન થઈ શકે તેમ હોય તો ટેન્ડરની શરતોની બાદબાકી કરી રસ્તો બનાવવા કોન્ટ્રાક્ટરને પરવાનગી કોને આપી? તેમજ બજાર વિસ્તારમાં ગટર લાઈન વિના ગામના વપરાશના બારેમાસ ગંદા પાણી તથા વરસાદી પાણીના ભરાવાના કારણે રોગચાળો ફાટી નીકળે તો તેના માટે જવાબદાર કોણ? બજાર વિસ્તારમાં ગટર લાઈન ફરજિયાત હોવી એક નિયમ છે,અને ગટર લાઈન માટેની જગ્યા સ્થાનિકોએ દબાણ કરેલ હોય તો લાગતા-વળગતા તંત્ર દ્વારા તેવા દબાણ હટાવી ગટર લાઈનની વ્યવસ્થા ગ્રામજનોને કરી આપવી તેમની ફરજ છે.

# દે. બારીયા તાલુકાના ગામડાઓમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવો ઊંડા કરવાની કામગીરીમાં વેઠિયાવાડ કામગીરી થતી હોવાની બુમ

દે.બારીયા,

દાહોદ જિલ્લા સહીત દેવગઢ બારીયા તાલુકામાં સમાવિષ્ટ કેટલાક ગામડાઓમાં સિંચાઈ ની સુવિધા ઉપલબ્ધ કરવા માટે સરકારના લાખ્ખો રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. કડાણા જળાશય આધારિત ઉદ્વહન સિંચાઈ યોજનામાં દાહોદ જિલ્લાના લગભગ ૧૭૪ જેટલાં તળાવો સિંચાઈ માટે પાઈપલાઈન થી પાણી ભરવાનું સરકારે નક્કી કરી કામગીરીનું ખાતમુહૂર્ત પણ કરી દીધું છે. જે યોજનામાં દેવગઢ બારીયા તાલુકાના ૪૪ તળાવો આવરી લીધા હોવાની માહિતી મળી છે.

ચોમાસું સત્ર નજીક હોય અને વરસાદ આવવાની તૈયારી હોય અને તેવા સમયે સરકારની સુજલામ સુફલામ યોજનાના અધિકારીઓં જાણે કે આખા વર્ષમાં કામગીરીમાં વ્યસ્ત હોય તેમ સફાળા ખુરશી માંથી ઉભા થઈને તળાવો ઊંડા કરવા માટેની કામગીરીની શરૂઆત કરાવી દેતા હોય છે. દેવગઢ બારીયા તાલુકામાં દર વર્ષે આ યોજનામાં કેટલાય તળાવો ઊંડા કરવામાં આવતા હોય છે. પણ આ તળાવ ઊંડા કરવાની કામગીરી ખરેખર કેટલા અંશે સાચી થાય છે. તે માત્ર તળાવ ઊંડા કરનાર જેસીબી મશીનના ડ્રાયવર અને જે તે એજન્સીને ખબર હોય છે. જવાબદાર અધિકારીઓં ચાલુ કામમાં સ્થળ ઉપર જઈ વિઝીટ કરી સાચા માપના આંકડા કોઈ લખતા નથી. તળાવ કેટલા મીટરની લંબાઈ સુધી અને કેટલા ઘન ફૂટ માટીનું ખોદાણ કરવું તેની જાણકારી માત્ર ઈજારદારને ખબર હોય છે. એક તળાવ દીઠ દોઢ થી બે લાખ રૂપિયાનું બિલ ચુકવણું સરકાર કરતી હોય તો તળાવ ઊંડા કરવાની કામગીરી તટસ્થ કેમ કરવામાં આવતી નથી.

સુજલામ સુફલામ યોજનામાં નાનીઝરી ગામની ચન્દ્રોઈ નદી ઉપર થોડા માસ પહેલા ચેકડેમ બનાવવમાં આવ્યો તેની કામગીરી જેમ નક્કર અને ટકાઉ છે. તેમ તળાવોની પણ કામગીરી થવું જોઈએ. નાનીઝરી ગામની નજીકનાં એક ગામમાં છેલ્લા બે દિવસ થી તળાવ ઊંડું કરવાની વેઠઉતાર કામગીરી જેસીબી મશીન થી કરાઈ રહી છે, પણ કામગીરીમાં કોઈ ખોદાણ વ્યવસ્થિત રીતે નહીં કરાતું હોવાની ગ્રામજનોની બુમ સંભળાય રહી છે. ખાનગી એજન્સીવાળાઓં તળાવ ઊંડા કરવાની કામગીરી લઈ ને સરકારની તિજોરી માંથી પૂરેપૂરૂ બિલ અધિકારિઓંને આજીજી કરી કઢાવી લેતા હોય છે અને આવી રીતે કોઈપણ તળાવમાં નક્કર કામગીરી કર્યા વગર લાખ્ખો રૂપિયા સરકારના કોન્ટ્રાકટરની તિજોરીમાં ભરાય જતા હોય છે.

આમ, દેવગઢબારીયા તાલુકાના ગામડામાં સિંચાઈ હેતુસર સુજલામ સુફલામ યોજના તથા બીજી યોજનાઓંમાં તળાવો ઊંડા કરવાની કામગીરીમાં થતી લાલીયાવાડીની ઉચ્ચઅધિકારીઓં સ્થળ તપાસ કરી માપ પ્રમાણે બિલનું ચુકવણું કરે અથવા અધૂરી કામગીરીનો રિપોર્ટ કરી બિલ નહીં ચૂકવાઈ તેમ કરવામાં આવે તેવી ગ્રામ્યજનતાની માંગ છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૦૬ કોરોના કેસો નોંધાયાં છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં કોરોનાના ઘટતાં કેસોને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા તારીખ ૦૪થી મેના રોજથી રોજગાર, ધંધા ચાલુ રાખવાનો સમય સવારે ૦૯ થી સાંજના ૦૬ વાગ્યા સુધીનો કરી દેતાં વેપારી વર્ગમાં પણ આનંદની લાગણી વ્યાપી જવા પામી છે. પરંતુ વેપાર, ધંધામાં પણ ફરજીયાત માસ્ક, સેનેટરાઈઝર અને સોશીયલ ડિસ્ટન્સનું પાલન કરવાનું રહેશે તેમ પણ જણાવાયું છે.

આર.ટી.પી.સી.આર.ના ૨૨૧૮ પૈકી ૦૨ અને રેપીટ ટેસ્ટના ૭૪૯ પૈકી ૦૪ મળી આજે કુલ ૦૬ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૦૬ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૩, ઝાલોદ અર્બનમાંથી ૦૧ અને ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે પણ કોરોનાથી એકપણ દર્દીનું મોત ન થતાં જિલ્લાવાસીઓએ રાહત અનુભવી છે બીજી તરફ કોરોનાથી સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આજે એકસાથે ૧૮ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ઘટતા કોરોના સંક્રમણના કેસો અને સાજા થતાં દર્દીઓની સંખ્યામાં વધારો થતાં એક્ટીવ કેસોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી ૯૨ દર્દીઓ કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૦૯૮ને પાર થઈ ગયો છે. દાહોદ જિલ્લામાં પણ આવતીકાલથી વેપાર, ધંધાનો સમય સવારે ૦૯ થી સાંજના ૦૬ વાગ્યાનો શરૂ થનાર છે. ત્યારે લાંબા સમયથી વેપાર ધંધા પર જોવાતી અસરો મહદઅંશે ફરી બજારો ધમધમશે તેમ લાગી રહ્યું છે.

# લીમખેડા ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચારની તપાસ માટે પૂર્વ સરપંચે મુખ્યમંત્રીને રજુઆત

લીમખેડા,

દાહોદ જિલ્લાના વિકાસસીલ લીમખેડા ગ્રામ પંચાયતમાં મોટાભાગે વિકાસના કામો માટેની ગ્રાન્ટમાં ગામના વિકાસમાં ભ્રષ્ટાચાર થતો હોવા અંગેની રજૂઆત ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચે મુખ્યમંત્રીને કરી છે. ત્યારે આ મામલે ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ થાય તેવી પણ માંગ કરવામાં આવી છે.

લીમખેડા ગ્રામ પંચાયત છેલ્લા કેટલાક વર્ષોથી ચર્ચાના એરણે રહી છે. લીમખેડા ગ્રામ પંચાયતના ઈતિહાસમાં એક પણ સરપંચે આજદિન સુધી પાંચ વર્ષની ટર્મ પૂરી કરી નથી. ત્યાં જ વર્તમાન સરપંચ ઉપર ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચાર થતો હોવાના આક્ષેપો થયા છે. ગ્રામ પંચાયતમાં સફાઈનો કોન્ટ્રાક્ટ પોતાના મળતિયાઓને આપી ગામ તથા શેરીઓમાં તેમજ જાહેર મુતરડીની સફાઈ થતી નથી અને ગેરહાજર રહેલા સફાઈ કામદારનો પગાર કાપવામાં આવતો નથી. વધુ મજૂરોની હાજરી પૂરીને કોન્ટ્રાક્ટને સાથે રાખી વધેલા નાણાંની ભાગ બટાઈ કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન પથારા વાળા પાસેથી ઉઘરાવેલા બજાર ફીના પૈસા પંચાયતમાં જમા કરાવેલ નથી અને સરપંચે તે પૈસા પોતાના અંગત કામમાં વાપરી નાખીને નાણાકીય ગેરરીતિ કરીને પંચાયતને આર્થિક નુકસાન પહોંચાડેલ છે. પંચાયત વિસ્તારમાં સરકારી ગ્રાન્ટમાંથી કરવામાં આવેલા હેન્ડ પંપ માપ મુજબ કરવામાં આવ્યા નથી અને નાણાં લઈને હેન્ડ પંપ મૂકી આપવામાં આવ્યા છે. તેમાં જે સરપંચ દ્વારા અગાઉ તેમની પત્નીના નામે તથા ભાભીના નામે સર્વે નંબર ૭૩ વાળી ગૌચરની જમીનમાં દુકાનો બનાવી ગેરકાયદેસર દબાણો કરી આકારણી કરી જમીન પચાવી પાડી હોવાનો આક્ષેપ થયો છે. આ ઉપરાંત પાણી પુરવઠાની યોજનાઓ અધુરી હોવા છતાં યોજનાના નાણાં ઉપાડી લઈ ગેરરીતિ કરી છે. જિલ્લા વિકાસઅધિકારીને આ બાબતે લેખિતમાં રજૂઆત કરી સંપૂર્ણ તપાસ ઉચ્ચ અધિકારી દ્વારા કરાવવામાં આવે અને કસૂરવારો સામે કાયદાકીય જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

જિલ્લા વિકાસ અધિકારી દાહોદનાઓને જાણ કરી તેમ છતાં તપાસ અધિકારી દ્વારા યોગ્ય તપાસ ન થતાં ફરી વખત પૂર્વ સરપંચ ધનજીભાઈ વહોનીયા તથા રાકેશ બારીયા દ્વારા હવે રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરવાની ફરજ પડી હોવાની ખાનગી માહિતી મળી છે.

આમ, લીમખેડા ગ્રામપંચાયત ના વિકાસ ના કામો ની સાચી હકીકત અને ખોટા કામો ની ખરાઈ ઉચ્ચઅધિકારીઓં મારફતે કરવામાં આવે તેવી પૂર્વ સરપંચો એ લેખિત માં માંગણી કરી છે.

# સંજેલીમાં વહેલી પરોઢે ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલીમાં વહેલી પરોઢે એકાએક વરસાદી માહોલ જામ્યો હતો. જેના કારણે વરસાદી પાણીઓ રોડ પર નદીઓની જેમ વહેતા થયા હતા.

ગાજવીજ સાથે વહેલી સવારે વરસાદી છાપટું પડ્યું હતું. ગાજવીજ સાથે વરસાદ ખાબકતા ધાબાઓ પરથી પાણીના ધોધ વહેતા જોવા મળ્યા હતા. અચાનક વાતાવરણમાં પલટો આવતા વરસાદી માહોલ જામ્યો હતો. જેના કારણે ખેડૂતોને ભારે ચિંતાતુર કરી દીધા હતા. વરસાદી માહોલ બાદ મેઘધનુષ જોવા મળ્યું હતું.

સંજેલીમાં વહેલી સવારે ભારે પવનના સુસવાટા સાથે ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો. ભારે પવન સાથે વરસાદ ખાબકતા ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતી વરસાદ ખાબકતા સંજેલીમાં ખેડૂતો દ્વારા પશુઓના ધાન સંગ્રહ કર્યો હતો. તે પલળી ના જાય તે માટે પ્લાસ્ટિક તાડપત્રીની ખરીદી કરવા માટે જોવા મળ્યા હતા. જેને સંરક્ષણના ધોરણે પશુઓના ઘાસચારાને સુરક્ષિત રીતે સાચવી રાખવા માટે પ્લાસ્ટિકની તાડપત્રી લેતા જોવા મળ્યા હતા. ગાજવીજ સાથે વરસાદ પડતા પશુઓને સુરક્ષિત જગ્યાએ જાળવણી કરી હતી. પશુઓ માટે રખવામાં આવેલ ખોરાક પલળી ન જાય તે માટે તે દિશામાં કાર્યમાં ખેડૂતો જોતરાય ગયા હતા. ભારે પવન સાથે એકાએક વાતાવરણમાં પલટો વહેલી પરોઢે વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

# દે.બારીયા સરકારી અનાજ ગોડાઉનના મેનેજર લીમખેડાના ચાર્જના બહાને હાજર ન રહેતા ગોડાઉનમાં ફાળવેલ કરાતા કટ્ટાઓમાં ઘટ

દે.બારીયા,

મળતી માહિતી અનુસાર દે.બારીયા એફ.સી.આઈના ગોડાઉનમાં મેનેજર ભુરીયા લીમખેડા ખાતેના અનાજ ગોડાઉનમાં ચાર્જ આપવમાં આવ્યો છે. જેથી લીમખેડા ગોડાઉનમાં વધારે ફરજ બજાવતા હોય તેવા પોકળ દાવા આગળ ધરી દે.બારીયાના અનાજ ગોડાઉનમાં સપ્તાહમાં એકાદ દિવસ ખાલી આંટો મારી પોતાની ફરજ નિભાવતા હોય તેમ લાગી રહ્યું છે. તેમના પોતાની અસલી જગ્યાએના આવવાના કારણે કટ્ટા દીઠ બે થી ત્રણ કિલો ઘઉં અને ચોખામાં ઘટ સાથે ઈશ્યુ કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંત્યોદય, બી.પી.એલ. તેમજ એપીએલના કાર્ડધારકોને સરકારી અનાજના ગોડાઉન થકી કેન્દ્ર સરકારના દ્વારા નિઃશુલ્ક અનાજમાં ઘઉં, ચોખા, દાળ, ખાંડ મે અને જુન ૨૦૨૧ના વર્ષમાં આપવાની ઘોષણા કરવામાં આવતાં મધ્યમવર્ગ ગરીબોને થોડી રાહત થઈ હતી. કોરોનાકાળમાં પરંતુ ખાંડનો જથ્થો જાણી સમજી અને મેળાપીપણા કરી ખાંડનો જથ્થો છેલ્લી તારીખોમાં ગોડાઉનમાં લાવવામાં કેમ આવ્યો. ૮૪ દુકાનો માંથી ૩૫ દુકાનોમાં ખાંડ જથ્થો ઉપલબ્ધ હોવા છતાં કાર્ડધારકોને ખાંડ કેમ આપવામાં આવી નથી. તેની તટસ્ટ તપાસ થવી જોઈએ જેથી જીલ્લાના કલેકટર દે.બારીયા તાલુકાની સસ્તા અનાજની દુકાનોની ક્રોસ ચકાસણી ક્યારે કરશે, કાર્ડમાં નોંધ પણ થઈ નથી. ખાંડની પરંતુ ચોખા, ઘઉંના સાથે ફીંગર લીધા છે. અમુક દુકાનદારોએ ખાંડ સાથે દાળ પણ આપી નથી. વિના મુલ્યનું સરકારે તો ઘોષણા કરી દે છે. પરંતુ તેનું એપ્લીમેન્ટની ચકાસણી કોઈ કરતું નથી. જુન માસમાં વિના મુલ્યેની દાળ, ખાંડ સગેવગે ના થાય તેની તકેદારી તાલુકા નાયબ પુરવઠા મામલતદારની છે. જેથી તાલુકાનું વહિવટી તંત્ર દરેક દુકાનો ઉપર ઓબ્જરવર રાખીને આ વિના મુલ્યે ગરીબો માટે આપવામં આવતું અનાજ ખાંડ, દાળનું ખાયકી ના થાય તેના મો કોણ દેખરેખ રાખશે ? અહીં તો વાઢ ચીભડા ગળતા હોય તો ફરીયાદ કોને કરવી તે માટે તો રાજ્યના સચિવો એ તેમજ ઉચ્ચપદના અધિકારીઓ આ તાલુકાની મુલાકાત લેવી રહી નહિ તો દે.બારીયાના અનાજ માફિયાઓને મોકળું મેદાન મળી ગયું છે અને ફરી જુન ૨૧નો ખાંડનો જથ્થો સગેવગે થતા વાર લાગશે નહી તેમજ એફ.સી.આઈ.ના રાજ્યપદના અધિકારીઓ દે.બારીયા એફ.સી.આઈ.ના ગોડાઉનમાં ઓછુંઅને ઘટવાળું અનાજ ત્રણ થી ચાર કિલો ઓછો થાય છે. તે ક્યાં જાય છે. તેની ઘનિષ્ટ તપાસ થાય તેવી આમ ગરીબ કાર્ડધારકોની માંગણી છે.

# દાહોદ જીલ્લામાં વહેલી સવારે વરસાદી ઝાપટા પડતાં વાતાવરણમાં ઠંકક પ્રસરી

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં આજે વહેલી સવારે ઓચિંતો વાતાવરણમાં પલ્ટો આવતાં જિલ્લાના ઘણા ગામોમાં વરસાદી ઝાંપટા પણ પડ્યાં હતાં. વરસાદી માહોલ વચ્ચે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વરસાદથી આકાશમાં મેઘધનુષ પણ જોવા મળ્યું હતું.

તાઉ તે વાવાઝોડાની અસર બાદ હવે લગભગ ચોમાસું આ મહિનામાં પ્રારંભ કરનાર હોવાના અહેવાલો સાથે કેરળમાં ચોમાસાનું આગમનની અસરો હવે મધ્ય ગુજરાત સહિત અન્ય વિસ્તારોમાં પણ જોવા મળી રહી છે. દાહોદ જિલ્લામાં આજે વહેલી સવારે પવનના સુસવાટા સાથે કાળા વાદળો છવાઈ ગયાં હતાં. વાતાવરણમાં અચાનક પલ્ટો આવતાની સાથે જિલ્લામાં વહેલી સવારે લીમખેડા, સંજેલી, સીંગવડ, ઝાલોદ, દાહોદ જેવા ગામોમાં વરસાદી ઝાપટાં પણ પડ્યાં હતાં જેને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ખેડુત મિત્રો પણ ખેતી કામની તૈયારીઓમાં જોતરાઈ ગયાં છે. આ વર્ષે ચોમાસું લગભગ જુનના મધ્યમમાં આરંભ થનાર હોવાનું કહેવાઈ રહ્યું છે અને જુલાઈ સંપુર્ણપણે ચોમાસાનું આગમન થનાર હોવાનું પણ કહેવાઈ રહ્યું છે. ત્યારે આજના વરસાદી ઝાપટાઓ સાથે ઘણા સમયથી અસહ્ય બફારા તેમજ ગરમીથી લોકોને રાહત મળી હતી.

# દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને રોકવા કલેક્ટરએ વિવિધ નિયંત્રણો ૧૧ જુન સુધી લંબાવ્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને અટકાવવા માટે લાગુ કરવામાં આવેલા નિયંત્રણો આગામી તા. ૧૧ જુન સુધી લંબાવવામાં આવ્યા છે. કલેક્ટર વિજય ખરાડી દ્વારા તા.૪ જુનથી લાગુ કરવામાં આવેલા જાહેરનામા મુજબ આ સમયગાળા દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓ, કોચિંગ સેન્ટરો, સિનેમા, થિયેટરો, ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ, વોટર પાર્ક, જાહેર બગીચાઓ, મનોરંજક સ્થળો, સલુન જીમ, સ્પા, સ્વિમિંગ પુલ બંધ રહેશે.




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આ ઉપરાંત લગ્ન પ્રસંગમાં મહત્તમ ૫૦ વ્યકિતની હાજરીની મંજૂરી તેમજ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર નોંધણી પણ અનિવાર્યપણે કરવાની રહેશે. અંતિમક્રિયા-દફનવિધિમાં મહત્તમ ૨૦ વ્યકિતઓની મંજૂરી રહેશે. સરકારી, અર્ધસરકારી, બોર્ડ કોર્પોરેશન, બેન્ક, વગેરે તેમજ તમામ પ્રકારની ખાનગી ઓફિસોમાં કર્મચારીઓની સંખ્યા ૫૦ ટકા સુધી રાખવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઈ લાગુ નહી પડે.

તમામ પ્રકારના રાજકીય, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, કાર્યક્રમો, મેળાવડાઓ સદંતર બંધ રહેશે. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ-સ્ટેડિયમ, સંકુલમાં રમત ગમત ચાલુ રાખી શકાશે. તમામ ધાર્મિક સ્થાનો જાહેર જનતા માટે બંધ રહેશે. દૈનિક પૂજાવિધિ સ્થાનિક પૂજારીએ કરવાની રહેશે. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટમાં મહત્તમ ૫૦ ટકા પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે.

અન્ય રાજયમાંથી ગુજરાતમાં પ્રવેશતા મુસાફરોએ આરટીપીસીઆર ટેસ્ટ કરાવવાનો રહેશે. તમામ વ્યકિતઓએ કોરોના સંબધિત માસ્ક, સામાજિક અંતર સહિતના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 240

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# શહેરા ભાજપએ તાલુકા વિકાસ અધિકારીનો વિરોધ કરવા સાથે કામોમાં ટકાવારી અને ભ્રષ્ટાચાર કરતા હોવાનો આક્ષેપ

- તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝા ના વિરોધમાં ભાજપ અગ્રણીઓ અને સરપંચ તેમજ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સદસ્યો એ જિલ્લા વકીલ વિકાસ અધિકારીને કાર્યવાહી કરવા આપ્યું આવેદનપત્ર
- ધારાસભ્ય ભરવાડના પી.એ. રણવીર સિંહ ચૌહાણે જણાવ્યું તાલુકા વિકાસ અધિકારીની તાનાશાહી તેમજ ભ્રષ્ટાચાર નીતિના કારણે આ સામે કાર્યવાહી થાય અને બીજા અધિકારીઓને શીખ મળે તે માટે અમે જિલ્લા વિકાસ અધિકારીને આવેદન પત્ર આપ્યું
- તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝાએ આક્ષેપો તમામ પાયાવિહોણા છે એક ટકા પણ ખોટું ચલાવી લેતી નહી હોવાથી ભાજપના અગ્રણીઓએ વિરોધ કર્યો.

શહેરા,

શહેરા ધારાસભ્યના પી.એ.સહિત તાલુકા ભાજપ પ્રમુખ અને સરપંચ સહિત કાર્યકરોએ તાલુકા પંચાયત કચેરીના મહિલા તાલુકા વિકાસ અધિકારી ભ્રષ્ટાચાર કરવા સાથે કામોમાં ટકાવારી લેતા હોવાનો આક્ષેપ સાથે જિલ્લા પંચાયત કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારીને આવેદન પત્ર આપ્યું હતું.

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારી અંકિતાબેન ઓઝા વિકાસના કામો તેમજ અન્ય કામોમાં ટકાવારી લેવા સાથે ભ્રષ્ટાચાર કરતા હોવાનો આક્ષેપ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના પી.એ. રણવીર સિંહ ચૌહાણ તેમજ તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલ સહિતના ભાજપ અગ્રણીઓ અને કાર્યકરોએ કર્યો છે. તાલુકા પંચાયત કચેરી ખાતે ભાજપ અગ્રણી ભૂપતસિંહ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ નાયકા રયજીભાઈ, તાલુકા ભાજપ મહામંત્રી સંજય બારીયા, રાજેન્દ્રસિંહ પરમાર તેમજ અમુક ગ્રામ પંચાયતના સરપંચ અને તાલુકા પંચાયત સદસ્ય સહિત ભાજપ અગ્રણીઓ એકત્રિત થઈને જિલ્લા તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝાના વિરોમાં આવેદનપત્ર આપવા માટે જિલ્લા પંચાયત કચેરી ગોધરા ખાતે ગયા હતા. જિલ્લા વિકાસ અધિકારીને તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલીયા, પંચાયત ઉપપ્રમુખ ભારતસિંહ સોલંકી, ભાજપ ઉપપ્રમુખ ભૂપતસિંહ પટેલ, રણવીરસિંહ ચૌહાણ, સુરેશ પરમાર સહિતના ભાજપ અગ્રણીઓએ લેખિત અને મૌખિક રજૂઆત સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસના હપ્તા ચૂકવતા નથી. તેમજ જે લાભાર્થી પૈસા આપે તેના હપ્તા કાઢે છે, મનરેગા યોજના હેઠળ થતા કામોમાં તેમના નજીકના એકાઉન્ટ દ્વારા ૫% પૈસાનો ભ્રષ્ટાચાર કરીને અરજદારોને ચુકવણું કરે છે અને નવા એસ્ટીમેન્ટમાં પણ રૂપિયા લેતા હોય છે. સ્વચ્છતા અભિયાન હેઠળ વ્યક્તિગત શૌચાલય બનાવી તેના એક વર્ષથી નાણાં ચૂકવતા નથી તેમજ વિવિધ વિકાસના કામોમાં ચૂકવવાના થતા નથી અને તેમાં ભ્રષ્ટાચાર મોટા પાયે તેઓ દ્વારા કરવામાં આવતો હોવાનું આવેદનપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

મહત્વનું છે કે, ભાજપ શાસિત તાલુકા પંચાયત કચેરી ખાતે ભાજપના જ અગ્રણીઓ અને કાર્યકરો દ્વારા મહિલા તાલુકા વિકાસ અધિકારી મોટા પાયે ભ્રષ્ટાચાર કરતા હોવાનો આક્ષેપ કરવામાં આવી રહયો છે. ત્યારે આ બાબતે તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝાએ જણાવ્યું હતું કે, જે આક્ષેપો મારા પર ભાજપના અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યા છે તે તદ્દન પાયાવિહોણા છે હું જે કામો થતા હોય છે. તેના બિલ ચૂકવતી હોય છું, હું જ્યાં સુધી રહીશ ત્યાં સુધી તાલુકા પંચાયતમાં એક પણ ખોટું બિલ નીકળશે નહી.

> મારા પર લાગેલ આક્ષેપો તમામ પાયાવિહોણા છે. એ માત્ર એમને બોલીને ખાલી એક આક્ષેપ કર્યો છે. એમની પાસે કોઈ પ્રકારની સાબિતી છે નહીં અને મારા કે મારી ઓફિસ દ્વારા આવું કોઈ પ્રકારનો ભ્રષ્ટાચાર આચરવામાં આવતો નથી અને બધી જ તકલીફ ત્યાં જ છે કે એક ટકાનું પણ ખોટું ચલાવી લેવામાં આવતું નથી. એ બાબતે જ આવો ખોટો વિરોધ તેમના દ્વારા દર્શાવી રહ્યા છે.
>
> **અંકિતા ઓઝા, તાલુકા વિકાસ અધિકારી, શહેરા**

> તાલુકા વિકાસ અધિકારી દ્વારા વિકાસના કામોમાં અવરોધ ઊભો કરીને બિલો સમયસર ચૂકવવામાં આવતા નથી. સાથે મને એવું પણ જાણવા મળ્યુ કે ટકાવારી વગર કોઈ કામ કરવામાં નથી. આવતું હોવાથી તાલુકા વિકાસ અધિકારી અંકિતાબેન ઓઝા સામે કાર્યવાહી સાથે બદલી થાય તે માટે અમે જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત સાથે આવેદનપત્ર આપ્યું છે.
>
> **મગનભાઈ પટેલીયા, તાલુકા ભાજપ પ્રમુખ, શહેરા**

> તાલુકા વિકાસ અધિકારીની તાનાશાહી તેમજ ભ્રષ્ટાચાર નીતિના કારણે આ સામે કાર્યવાહી થાય અને બીજા અધિકારીઓને શીખ મળે તે માટે અમે જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું છે. મંત્રીના વિસ્તારમાંથી શિક્ષાપાત્ર બદલી થઈને અહીં આવ્યા છે. કોરાના જેવી મહામારીમાં તે સમયે રોજના ૧૦૦૦ હજાર લોકોના તાલુકામાં મૃત્યુ થતા પરંતુ આ બેન એ કોઈ પણ ગામની મુલાકાત લીધી નથી. તાલુકા વિકાસ અધિકારીની માનસકિતા ખરાબ હોવાના નાતે પોતાની નીતિના કારણે ભ્રષ્ટાચાર કરે છે. તેનો અમે અવાજ ઉઠાવ્યો છે.
>
> **રણવીરસિંહ ચૌહાણ, ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના પી. એ.**

હાલ તો જે રીતે ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો દ્વારા મહિલા તાલુકા વિકાસ અધિકારી નો વિરોધ કરવા સાથે જિલ્લા પંચાયત કચેરી ખાતે પણ રજૂઆત સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હોય ત્યારે જોવું રહયું કે, તાલુકા વિકાસ અધિકારી ભ્રષ્ટાચાર કરે છે કે પછી તાલુકામાં થતા વિવિધ વિકાસ સહિતના કામો નિયમોનુસાર કરાવી રહયા હોય તેના કારણે વિરોધ ઉઠયો છે.

## ગોધરા સહિત જીલ્લામાં વહેલી સવારે ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ પડતા ઠંડક પ્રસરી

ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં વહેલી સવારે ભારે પવનના સુસવાટા સાથે ધમાકેદાર વરસાદ પડયો હતો. વરસાદને લઈ ખેતરોમાં ઉભા બાજરી જેવા પાકો પડી જતાં ખેડુતોમાં ચિંતા જોવા મળી હતી.

પંચમહાલ જીલ્લાના તમામ તાલુકા સહિત ગોધરામાં વહેલી સવારે અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને ભારે પવન અને વિજળીના કડાકા ભડાકા સાથે ગાજવીજ થી વરસાદ તુટી પડયો હતો. છેલ્લા કેટલાક દિવસોની ગરમી અને રાત્રીના સમયે ઉકળાટ થી લોકો ત્રસ્ત બન્યા છે. ત્યારે વહેલી સવારે પવન સાથે વરસાદ પડયો હતો. જેને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસર જવા પામી હતી. જ્યારે જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારે ગાજવીજ સાથે વરસાદ અને બરફના કરા પડયા હતા. પવન સાથે વરસાદ વરસતા ખેતરોમાં બાજરીનો ઉભો પાક પવનને લઈ પડી જતાં ધરતીપુત્રો ચિંતાતુર બન્યા છે. વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોને ગરમીથી રાહત મળી છે.

## શહેરા તાલુકામાં વહેલી સવારે ભારે પવન સાથે ફુંકાયેલ વરસાદને ઉભી બાજરીના પાક ઢળી પડતા ખેડુતો ચિંતાતુર

શહેરા,

શહેરા સહિત સમગ્ર તાલુકામાં વહેલી સવારે ભારે પવન સાથે આવેલ વરસાદના કારણે અમુક ખેડૂતનો મહામૂલ્ય બાજરીનો પાક ખેતરમાં ઢળી પડતા ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા હતા. જ્યારે વીજ થાંભલા ધરાશાયી થવા સાથે વીજ પુરવઠો બંધ થઇ જતા ૨૦ થી વધુ ગામોમાં અંધારપટ છવાયો હતો.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરામાં વહેલી સવારે વીજળીના ચમકારા સાથે વરસાદ શરૂ થતા લાઈટો ગુલ થઈ ગઈ હતી. ભારે પવન સાથે આવેલા વરસાદના કારણે ઘરની બહાર ઢોર પશુઓ બાંધેલા હોવાથી પશુપાલકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. પવન સાથે આવેલા વરસાદના કારણે અમુક ખેડૂતનો બાજરીનો પાક ખેતરમાં આડો પડી જતા ખેડૂતની અનેક આશાઓ પર પાણી ફરી વળવા સાથે ચહેરા પરની હસી છીનવાઈ ગઈ હતી. વરસાદની સાથે પવનનું પણ ભારે જોર હોવાથી તાલુકાના લાભી ગામે લીમડાના વૃક્ષની ડાળી સીધી નજીકની પસાર થતા વીજલાઈન પર પડતા તારની સાથે વીજ થાંભલો પણ તુટી પડ્યા હતા. જેના કારણે આ ગામ સહિત અન્ય ગામોમાં પણ વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જાગૃત ગ્રામજન એ કોઈ મોટી ઘટના અહીં બને તે પહેલા એમ.જી.વી.સી.એલને જાણ કરીને વીજપુરવઠો બંધ કરાવ્યો હતો. વરસાદ આવવાથી લાઈટ જવાની જે પરંપરાને વીજ કચેરીએ જાળવી રાખી છે. એમ.જી.વી.સી.એલ દ્વારા પ્રિમોન્સૂનની જે કામગીરી કરવામાં આવી જોઈએ તે ન કરવાના કારણે વીજ ઉપભોક્તાઓને અંધારામાં રહેવાનો વખત આવ્યો હતો. જ્યારે તાલુકાના ૨૫ થી વધુ ગામોમાં વીજ પુરવઠો બંધ હોવાથી અંધારપટ છવાઈ ગયો હતો. વરસાદને કારણે આંબા પરથી કેરીઓ નીચે પડી જવા સાથે બાજરીનો પાક પણ ઢળી પડ્યો હતો. એક તરફ ડાંગરના પાક પકવતા ખેડૂતો માટે ખુશી જોવાઈ રહી હતી. બીજી તરફ અમુક ખેડૂતનો બાજરી સહિતનો પાક અને સૂકો ઘાસચારો પલટી જતા ખેડૂતો અને પશુપાલકો ચિંતિત થઈ ઉઠ્યા હતા.

> વહેલી સવારમાં બહુ જ પવન સાથે વરસાદ આવ્યો હતો. તેના કારણે મારા ખેતરમાં રહેલ બાજરીનો પાક અમુક ઢળી પડ્યો હતો. મને એવી આશા હતી કે, આ વખતની ખેતીમાં સારો નફો થશે પણ અચાનક આવેલ પવન અને વરસાદના કારણે મને ખેતીમાં નુકસાન જાય તેવું લાગી રહયુ છે.
>
> **વિક્રમભાઈ, ખેડૂત**

## પ્રિ-મોન્સુન વરસાદ થી ગોધરા તાલુકાના નદીસર વિસ્તારમાં ખેતીમાં નુકશાન નો અંદાજ

નદીસર,

હવે જ્યારે ચોમાસાની ઘડીઓ ગણાય રહી છે. ત્યારે રાજ્યમાં પ્રિ-મોન્સુન સિસ્ટમ સક્રિય બની છે. વાતવરણમાં ભેજ અને ઉકળાટનું પ્રમાણ પણ વધ્યું છે. ત્યારે તેના ભાગરૂપે આજે વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના નદીસર, કબીરપુર, ધરી, ટીંબા, રતનપુર પંથકમાં વરસાદે અચાનક આગમન કર્યું હતું. ભારે પવન અને વીજળીના કડાકા સાથે સતત એકાદ કલાક સુધી સમગ્ર પંથકમાં વરસાદ પડ્યો હતો. જેના કારણે સમગ્ર પંથકમાં વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો. જ્યારે પવન સાથેના વરસાદના કારણે સમગ્ર પંથકમાં ખેતીના તૈયાર પાકો તલ અને બાજરીના પાકમાં ખેડૂતોને ભારે નુકશાનનો અંદાજ છે. એક તરફ હમણાં થોડા સમય પહેલા વાવાઝોડાના કારણે વરસાદ અને પંદર દિવસમાં ફરી પવન સાથેના વરસાદ એમ બેવડા મારના કારણે ખેતીમાં નુકશાન અંગે સર્વે કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે. આ તરફ વરસાદના પગલે નિયમિત સફાઈ અને પાણીના નિકાલના અભાવે ગંદકીનું પણ જોવા મળી હતી. વરસાદ બંધ થયા બાદ પણ વીજ પુરવઠો વારંવાર ફોલ્ટના કારણે બંધ થતા ગ્રામ્ય વિસ્તારોમાં મુશ્કેલી સર્જાઈ હતી.

## પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના ૦૯ નવા કેસો નોંધાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણની ગતિ સતત ઘટી રહી છે. આજે કોવિડ-૧૯ સંક્રમણના નવા ૦૯ કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૯૫૨૧ થવા પામી છે. આજે૪૫ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ઘટીને ૧૯૪થવા પામી છે. જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે.નવા મળી આવેલા તમામ કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૦૪કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાંથી મળી આવેલા કેસોની સંખ્યા ૫૪૯૧ થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલા કેસો જોઈએ તો કાલોલ ગ્રામ્યમાંથી ૦૩,મોરવા હડફ ગ્રામ્ય ૦૧ કેસ અને શહેરા ગ્રામ્યમાંથી ૦૧ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવતા કેસની સંખ્યા ૪૦૩૦ થવા પામી છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૪૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૯૧૪૧ થવા પામી છે. આજે ૪૫ વર્ષથી ઉપરના કુલ ૬૮૩ વ્યક્તિઓને રસી આપવામાં આવી હતી.

## ગોધરા સિવિલ હોસ્પિટલના પિડીયાટ્રીક વિભાગની પ્રશંસનીય કામગીરી

ગોધરા,

ગોધરા સિવિલ હોસ્પિટલનો પિડીયાટ્રીક વોર્ડકોરોના કાળ દરમિયાન વિવિધ તકલીફોથી પીડાતા નવજાત શિશુઓ અને બાળકો માટે રાહતરૂપ વિસામો બની રહ્યો છે. કોરોના સંક્રમણના કપરા સમયે પણ જિલ્લાના નવજાત શિશુઓ-બાળને શ્રેષ્ઠ સારવાર સતત મળી રહે તે સુનિશ્ચિત કરતા એપ્રિલ-૨૦૨૦ થી એપ્રિલ-૨૦૨૧ દરમિયાન કુલ ૨૫૯૯થી વધુ બાળકો અહીં દાખલ થઈ સારવાર મેળવી છે. જન્મ સમયે અતિ ઓછું કે ઓછુ વજન ધરાવતા શિશુઓ, અધૂરા માસે જન્મેલા બાળકોમાં વિકાસની સમસ્યા, નવજાત શિશુઓમાં વિવિધ પ્રકારના ચેપ સહિતના સ્વાસ્થ્યના પ્રશ્નો માટે વિશેષ પ્રકારની સુવિધાઓ સાથે સારવારની જરૂર પડતી હોય છે, જે માટે ગોધરા સિવિલ હોસ્પિટલના પિડીયાટ્રીક વોર્ડમાં કુલ ૧૫થી વધુ બેડ્સ અને ગંભીર



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

સ્થિતિના બાળકો માટે ૦૩ આઈસીયુ બેડ્સની સુવિધા ઉપલબ્ધ છે. જ્યાં પિડીયાટ્રીક એમ.ડી. ડો. સંગીતા પી. કુમારના નેતૃત્વ નીચે ૦૭ રેસીડેન્ટ ડોક્ટર્સ (સીબીએસ)ની ટીમ નાનકડા ભૂલકાઓની સારવાર કરવા માટે ખડેપગે હાજર રહે છે. આ સમયગાળા દરમિયાન પિડીયાટ્રીક વોર્ડમાં કુલ ૧૫૩૩ તેમજ પોષણની જટિલ સમસ્યા ધરાવતા ૬૮ બાળકોને N.R.C. (ન્યુટ્રીશન રીહેબિલીટેશન સેન્ટર)માં, જન્મ સાથે બિમાર હોય તેવા ૭૭૩ બાળકોને S.N.C.U.(સિક ન્યુબોર્ન કેર યુનિટમાં અને વધુ ગંભીર સ્થિતિમાં હોય તેવા ૨૨૫ બાળકોને P.I.C.U.(પિડીયાટ્રીક આઈસીયુ)માં રાહતદરે સારવાર આપવામાં આવી છે. વિભાગના ડો. મૌલિક જણાવે છે કે, મોટેભાગે નીઓ નેટલ સેપ્સીસ (નવજાત શિશુને ચેપ) કે જે શિશુઓમાં મરણનું સૌથી મોટું કારણ છે, સેપ્ટીસેમિયા, ઓછા વજન અને અધૂરા વિકાસના કારણે થતી વિવિધ સમસ્યાઓ, એનિમિયાની ગંભીર સ્થિતિ, શ્વાસને લગતી સમસ્યાઓના કારણે પંચમહાલ અને મહિસાગર સહિતના પડોશી જિલ્લાઓના બાળકો સારવાર માટે આવે છે. જેમને આઈ.વી. એન્ટિબાયોટિક, જરૂર પડ્યે બ્લડ ટ્રાન્સફ્યુઝન અને ઓકિસજન સપોર્ટ સહિતની સારવાર આપવામાં આવે છે. બાળકની સ્થિતિ અને વિકાસ ઈચ્છનીય સ્થિતિમાં આવે ત્યાર બાદ તેને જરૂરી સૂચનાઓ સાથે ડિસ્ચાર્જ આપવામાં આવે છે અને ડિસ્ચાર્જ બાદ પણ ૨ મહિના સુધી તેના વજન સહિતના પેરામીટર્સ ટ્રેક કરવામાં આવે છે.આ ઉપરાંત, કોરોના સંક્રમિત બાળકોની સારવાર પણ અહીં કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦માં આવા ૧૬૧ અને વર્ષ ૨૦૨૧માં અત્યાર સુધી કુલ ૨૬૩ સંક્રમિત બાળકોને કોરોનાની સારવાર આપવામાં આવી છે.

## ગોધરા-દાહોદ વચ્ચે હાઈવે પરવડી બાયપાસ ઉપર કાર ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક સવાર ત્રણના મોત









ગોધરા,

ગોધરા -દાહોદ હાઈવે રોડ ઉપર મોડી રાત્રીના સમયે ત્રણ યુવાનો મોટર સાયકલ ઉપર આંટો મારવા નિકળ્યા હતા. ત્યારે પુરઝડપે આવતી કારના ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક સવાર ત્રણ યુવાનોને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમયસર હોસ્પિટલમાં નહિ પહોંચતા ઈજાગ્રસ્ત ત્રણ યુવાનોના મોત નિપજાવા પામ્યા હતા. ત્રણ યુવાનોના અકસ્માતની મોતની ઘટનાને લઈ પરિવારજનોમાં માતમ છવાયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-દાહોદ હાઈવે રોડ ઉપર મોડી રાત્રીના સમયે નવા બહારપુરા વિસ્તારમાં રહેતા ત્રણ યુવાનો પોતાની મોટર સાયકલ લઈને આંટા મારવા માટે પરવડી બાયપાસ તરફ નિકળ્યા હતા. દરમ્યાન પુરઝડપે આવતી કારના ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક સવાર યુવાનો હવામાં ફંગોળાઈ ને પડતાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. રાત્રીનો સમય હોવાથી અકસ્માતમાં ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવા માટે જાણ એમ્બયુલન્સ લેટ થઈ હતી. ઘટના સ્થળે પહોંચેલ એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્ત યુવાનોને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સમયસર સારવાર નહિ મળતાં ત્રણ યુવાનો સમીર મોહમંદ શેખ, ફિરોજખાન ઈનાયતખાન પઠાણ, ઝાહિર મજીદભાઈ શેખ (તમામ રહે.નવા બહારપુરા)ના મોત નિપજાવા પામ્યા હતા. ગોધરાના નવા બહારપુરા વિસ્તારના ત્રણ યુવાનોના અકસ્માતમાં મોત થયાની જાણ થતાં પરિવારજનો હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. સાથે પરિવારજનો કાર ચાલકને ઝડપી પાડવાની માંગ સાથે જીલ્લા કલેકટર કચેરી પહોંચ્યા હતા. પોલીસની સમજાવટ અને કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી.

### નવા બહારપુરાના ત્રણ યુવાનોના મોતના પગલે પરિવારજનોમાં માતમ